



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ ચૌદસ ગુરુવાર ૨૭ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૦ પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# નેપાળમાં જળપ્રલય

## 157નાં મોત, 133 ભારતીયો સહિત 750થી વધુ લોકો ગુમ





### અનેક ઇમારતો, 19 મોટા પુલ તણાયા, 42 કિમીનો રસ્તો ધોવાયો

**રસ્તા અને પુલો જમીનદોસ્તઃ** ધસમસતા પ્રવાહમાં 4 માળની ઇમારતો, વાહનો અને વાહનો જઈ શકે તેવા 19 મોટા પુલો તણાઈ ગયા હતા. નુવાકોટના બેત્રાવતીથી રસુવાગઢી ક્રોસિંગને જોડતો 42 કિમીનો રોડ સંપૂર્ણ ધોવાઈ ગયો છે.

**હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ ઠપઃ** રસુવાગઢી (111 MW), સંજેન ખોલા (78 MW) અને અપર ત્રિશૂલી 3A (60 MW) સહિત 354 MW ક્ષમતા ધરાવતા 8 કાર્યરત અને 5 નિર્માણાધીન પાવર પ્લાન્ટ્સને ભારે નુકસાન પહોંચ્યું છે.

### તિબેટમાં 3નાં મોત; 265 ગુમ

બીજિંગ, તા. 26 (પીટીઆઈ): નેપાળની સરહદ નજીક ચીનના તિબેટ સ્વાયત્ત ક્ષેત્રમાં બુધવારે આવેલા ભારે ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા 3 લોકોનાં મોત થયા છે, જ્યારે 265 લોકો ગુમ થયા હોવાનું સરકારી મીડિયાએ જણાવ્યું છે. ભૂસ્ખલનના કારણે સરહદ પર આવેલા ગિર્યોંગ બંદર તરફ જતા રસ્તા બંધ થઈ ગયા છે અને સંચાર તથા વીજ પુરવઠો પણ ખોરવાયો છે. ચીન પ્રમુખ શી જિનપિંગે ગુમ થયેલા લોકોને શોધવા અને બચાવ કામગીરી માટે તમામ પ્રયાસો કરવાનો આદેશ આપ્યો છે. ચીની સત્તાવાળાઓએ મોટા પાયે બચાવ કામગીરી શરૂ કરી છે. કુદરતી સંસાધન મંત્રાલયે ભૂગર્ભીય આપત્તિ માટે લેવલ-2 કટોકટી જાહેર કરી છે અને બચાવ કામગીરીમાં માર્ગદર્શન આપવા ટીમ મોકલી છે. આપત્તિ રાહત માટે પણ લેવલ-2 કટોકટી જાહેર કરવામાં આવી છે. ચીની સત્તાવાળાઓએ અસરગ્રસ્ત લોકોને સ્થળાંતર અને રાહત માટે ટેન્ટ, ચૂલા, કપડાં, ધાબળા અને ફોલ્ડિંગ બેડ સહિત 30,000 રાહત સામગ્રી ફાળવી છે. નાણાં મંત્રાલય અને ઇમરજન્સી મેનેજમેન્ટ મંત્રાલયે તાત્કાલિક રાહત કામગીરી માટે 120 મિલિયન યુઆન એટલે કે આશરે 17.69 મિલિયન ડોલર ફાળવ્યા છે.

### પૂરમાં ગણતરીની સેકન્ડોમાં ચીનની ઈમિગ્રેશન ઓફિસ તબાહ

કાઠમંડુ, તા. 26: નેપાળના રસૂવા જિલ્લામાં આવેલા વિનાશક પૂરથી એવી તબાહી મચી છે જે દાયકાઓમાં પહેલીવાર જોવા મળી છે. આ દરમિયાન એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તેમાં જોવા મળી રહ્યું છે કે, નદીના કિનારે ચીન-નેપાળ બોર્ડર પર ચીનની ઈમિગ્રેશન ઓફિસ ગણતરીની સેકન્ડોમાં તણાઈ ગઈ. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, ત્યાં સેંકડો લોકો હાજર હતા. રસૂવા જિલ્લામાંથી પસાર થતી નદીના રૌદ્ર સ્વરૂપે સીમા પાર ચીનના વિસ્તારમાં બનેલી ઈમિગ્રેશન ઓફિસને પત્તાના મહેલની જમીનદોસ્ત કરી નાખી હતી. ઈમારત પડતાં જ પાણીનો તેજ પ્રવાહ તેને પલક વારમાં જ વહાવી ગયો હતો. તબાહીનો આ ઘટના જોઈને ત્યાં હાજર સેંકડો લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી અને તેઓ જીવ બચાવવા માટે આમ-તેમ ભાગતા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો આ વીડિયો આપત્તિની ગંભીરતાને દર્શાવી રહ્યો છે. નેપાળ અને ચીનના સરહદી વિસ્તારોમાં રહેતા લોકો આ તબાહીથી ભયભીત છે. સતત પડી રહેલા વરસાદને જોતાં વહીવટીતંત્રે હાઇ એલર્ટ જાહેર કર્યું છે અને લોકોને નદી-નાળાઓથી દૂર સુરક્ષિત સ્થળોએ રહેવાની સલાહ આપી છે.

### ન ભારે વરસાદ ન ક્લાઉડ બર્સ્ટ છતાં ભયંકર ઘોડાપૂર

### તિબેટમાં ભૂકંપ આવ્યાની ત્રણ જ મિનિટમાં અચાનક ભયાનક પૂર

કાઠમંડુ, 26 ઓગસ્ટ (પીટીઆઈ): તિબેટમાંથી શરૂ થયેલા ભયાનક અચાનક આવેલા પૂરે બુધવારે મધ્ય નેપાળમાં ભારે તારાજી સર્જી હતી, જેમાં ડઝનબંધ શહેરો અને ગામડાંઓ નષ્ટ થઈ ગયાં હતાં, મહત્વના પુલો તણાઈ ગયા હતા અને ડઝન જેટલા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ ઠપ થઈ ગયા હતા. આ જળહોનારતમાં લગભગ 157 લોકોના મોત થયા છે અને 133 ભારતીય નાગરિકો સહિત 750થી વધુ લોકો ગુમ છે.

નેપાળના વિદેશ પ્રધાન શિશિર ખનાલે સંસદમાં જણાવ્યું હતું કે સવારે 8:37 વાગ્યે (સ્થાનિક સમય મુજબ) તિબેટ ક્ષેત્રમાં ભૂકંપ આવ્યો હતો અને તેના ત્રણ મિનિટ પછી અચાનક પૂર આવ્યાના અહેવાલ મળ્યા હતા, જે દર્શાવે છે કે આંચકાને કારણે ગ્લેશિયર ફાટ્યું હોઈ શકે છે અને પૂર આવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભોટેકોશી નદી દ્વારા પૂરના પાણી પ્રચંડ વેગથી વહેવા લાગ્યા હતા,

...અનુસંધાન પાના 11 પર



### કૈલાસ માનસરોવર યાત્રાના 400 શ્રદ્ધાળુઓ સંપર્કવિહોણા, પ્રસ્થાન સ્થગિત

નવી દિલ્હી, તા. ૨૬ : તિબેટમાંથી નીકળતી નેપાળની ભોટે કોશી નદીમાં આજે બુધવારે આવેલા વિનાશક પૂરે કૈલાસ માનસરોવર યાત્રાને સીધી રીતે પ્રભાવિત કરી છે, જેમાં રસુવાગઢી સરહદી વિસ્તારમાં કૈલાસ તરફ જઈ રહેલા લગભગ ૪૦૦ શ્રદ્ધાળુઓ સંપર્ક વિહોણા બન્યા છે. નેપાળ સરકાર અથવા વિદેશ મંત્રાલય

...અનુસંધાન પાના 11 પર



### તમિલનાડુના 37 પ્રવાસીઓ અને ઇશા ફાઉન્ડેશનના 77 સભ્યો સહિત 130થી વધુ ભારતીયો ગુમ

મધ્ય નેપાળમાં આવેલા ભયાનક પૂરને કારણે 130થી વધુ ભારતીયો ગુમ થયા છે અને અનેક પ્રવાસીઓ ફસાયા છે. સંચાર વ્યવસ્થા ઠપ થવાના કારણે માહિતી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. ભારતીય વિદેશ મંત્રાલય તેમજ તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, કેરળ અને સિક્કિમ જેવા રાજ્યોએ ઇમરજન્સી હેલ્પલાઇન નંબર્સ જાહેર કર્યા છે.

**વિવિધ રાજ્યોના નાગરિકોની સ્થિતિ અને અપડેટ્સ**

**તમિલનાડુઃ** રાજ્યના 57માંથી 37 પ્રવાસીઓ હજુ સુધી લાપતા છે, જ્યારે 20 લોકો સુરક્ષિત હોવાની પુષ્ટિ થઈ છે. આ ઉપરાંત કોઈમ્બતુર સ્થિત ‘ઇશા ફાઉન્ડેશન’ના 77 સભ્યો પણ ઇમિગ્રેશન સેન્ટરથી ગુમ છે. સદગુરુના જણાવ્યા મુજબ 495 લોકો સુરક્ષિત પરત ફર્યા છે, પરંતુ ઇમિગ્રેશન સેન્ટરના કર્મચારીઓ પણ હાલ સંપર્કવિહોણા છે.

...અનુસંધાન પાના 11 પર



### તિબેટમાં બરફ-ખડકોના હિમસ્ખલનથી જળપ્રલય સર્જાયાની આશંકા

તિબેટ સરહદેથી શરૂ થઈને નેપાળમાં તારાજી સર્જનારા ભયાનક પૂર અંગે ‘આંતરરાષ્ટ્રીય એકીકૃત પર્વત વિકાસ કેન્દ્ર’ (ICIMOD)ના નિષ્ણાતોએ મહત્વનો દાવો કર્યો છે. વૈજ્ઞાનિકોના મતે ઉંચાઈવાળા પહાડી ક્ષેત્રમાં બરફ અને ખડકો ધસી પડવાના (Ice-Rock Avalanche) કારણે ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં આ ભયાનક પૂર આવ્યું હોવાની પૂરી શક્યતા છે. પ્રારંભિક આંકલન અને વાયરલ ફુટેજ મુજબ, બરફ અને ખડકોનો મોટો જથ્થો ભોટેકોશીની ઉપનદી ‘લેન્ડે ખોલા’માં ધસી પડ્યો હતો. જેના કારણે પ્રચંડ વેગ સાથે પાણી, કાટમાળ અને મોટા પથ્થરો નીચે તરફ વહી આવ્યા હતા. હાઇડ્રોલોજિકલ ડેટા અનુસાર પૂરનો વેગ અકલ્પનીય હતો. ત્રિશૂલી નદીના ‘ગલછી’ સ્થળે માત્ર 30 મિનિટમાં પાણીનું સ્તર 9 મીટર (લગભગ 30 ફૂટ) અને ‘માલેખુ’ ખાતે 7 મીટર વધી ગયું હતું. પૂરના પ્રચંડ પ્રવાહમાં નદી કિનારે આવેલા જળ સ્તર માપવાના અનેક સેન્સર અને મોનિટરિંગ સ્ટેશનો પણ તણાઈ ગયાં હતાં.

**બીજા પૂરનું જોખમ અને સરહદી એલર્ટ**

નદીમાં કૃત્રિમ બંધનું જોખમ: પૂર દરમિયાન કાટમાળ જમા થવાથી નદીનો સાંકડો માર્ગ બંધ થઈ ગયો છે અને કુદરતી બંધ બની ગયો છે. જો આ બંધ અચાનક તૂટે તો ફરીથી બીજા પૂરનું મોટું સંકટ ઊભું થઈ શકે છે.

**જીલોંગ પોર્ટ ખાલી કરાવાયુંઃ** ચીન-નેપાળ સરહદ પર ઉપરી વિસ્તારમાં હજુ પણ પાણી અને કાટમાળનો ભરાવો હોવાથી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે ‘જીલોંગ પોર્ટ’ ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## જળપ્રલયના ભયાનક વીડિયો

### પૂરના પાણીમાં રમકડાની જેમ તરતા દેખાયા વાહનો: નેપાળમાં કાળમુખા પ્રવાહે આખેઆખા ગામડાં અને પ્રોજેક્ટ્સને મિનિટોમાં નામશેષ કર્યા

### જીવ બચાવવા દોડતા લોકોના દૃશ્યો રૂવાંડાં ઊભા કરી દે છે



**નવી દિલ્હી, તા. 26:** નેપાળ અને તિબેટ સરહદે આવેલી ભયાનક પૂરની હોનારતના એવા CCTV અને વાયરલ વીડિયો ફુટેજ સામે આવ્યા છે, જે જોઈને કોઈના પણ રૂવાંડા ઊભા થઈ જાય. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા દ્રશ્યોમાં કુદરતના કોપની ભયાનકતા સ્પષ્ટપણે જોઈ શકાય છે. વાયરલ થયેલા એક સીસીટીવી ફુટેજમાં ઘસારો કરીને આવતા પૂરના રાક્ષસી મોજાં ધાડ પાડીને બજારો અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જતાં દેખાય છે. પાણીના આ ભયાનક પ્રવાહને પોતાની તરફ આવતો જોઈને લોકો હેબતાઈ ગયા હતા અને જીવ બચાવવા માટે

...અનુસંધાન પાના 11 પર

## છત પર ફસાયેલા યુવકને નેપાળી સૈન્યએ બચાવ્યો

કાઠમાંડુ, તા. 26: નેપાળમાં અચાનક પૂર આવ્યા બાદ પોતાના ઘરની છત પર ફસાયેલા એક યુવકને નેપાળ આર્મીએ હેલિકોપ્ટર દ્વારા બચાવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

નેપાળ આર્મીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં એક યુવક પૂરના પાણી અને કાટમાળથી ઘેરાયેલી ઈમારતની છત પર ઊભેલો જોવા મળે છે. દરમિયાન નેપાળ આર્મીનું હેલિકોપ્ટર તેની નજીક પહોંચે છે. યુવક બચાવ ટીમનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે ટી-શર્ટ હલાવે છે. ત્યાર બાદ બચાવકર્મી તેની

...અનુસંધાન પાના 11 પર

